સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના
શિક્ષિત બેરોજગારને પ્રચારક તરીકે નીમવા
બાબતની યોજના.

ગુજરાત સરકાર,
મજૂર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ,
સુધારો ક્રમાંક.બકર-૧૩૭૯-૫૬૧૨૦-ક,
સચિવાલય, ગાંધીનગર,
તા. ૪-૮-૧૯૭૯

વંચાણમાં લીધા:-

૧ મજૂર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગનો તા. ૧૫-૩-૭૯ નો ઠરાવ ક્રમાંક. બકર-૧૩૭૯-૭૬૨૫૫-ક.

૨: મજૂર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગનો તા. ૨૧-૭-૭૯ નો ઠરાવ ક્રમાંક. બકર: ૧૩૭૯-૫૪૯૯૭-ક.

૩: સચિવશ્રી, ગુજરાત પછાતવર્ગ બોર્ડ, ગાંધીનગરનો તા. ૧૨-૭-૭૯ નો પત્ર ક્રમાંક. પવબ-યજન-૩૨-૭૮-૭૯-૯૩૭.

સુ ધા રો:-

મજૂર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તા. ૧૫-૩-૭૯ નો ઠરાવ ક્રમાંક.બકર-૧૩૭૯-૭૬૨૫૫-ક અન્વયે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના શિક્ષિત બેરોજગારને પ્રચારક તરીકે નીમવા અંગેની યોજનાને મંજુરી આપવામાં આવેલ હતી. સદરહુ ઠરાવના જોડાણમાં સ્નાતક પ્રચારકોની નીમણુંક માટે વય મર્યાદા ''૨૩ વર્ષથી વધારે ન હોય'' તેમ દર્શાવવામાં આવેલ છે ત્યાં ત્યાં સુધારીને ''૨૮ વર્ષથી વધારે ન હોય'' તેમ વાંચવું. એસ.એસ.સી. ઉમેદવારો માટે જે વય મર્યાદા નક્કી કરવામાં આવી છે. (એટલે કે ૨૩ વર્ષથી વધુ ન હોય તેમને) તેમાં કોઇ ફેરફાર કરવામાં આવેલ નથી.

આ યોજના હેઠળ અગાઉ સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની જાતિઓના બેરોજગાર એસ.એસ.સી./ ગ્રેજ્યુએટ ઉમેદવારોને માનદવેતન આપી પ્રચારકનું કામ આપવાનું નક્કી કરવામાં આવેલ. આ વર્ગના પી.ટી.સી. ટ્રેઇન્ડ બેરોજગાર ઉમેદવારને પણ માનદવેતન આપી પ્રચારક તરીકે નીમવાનું નક્કી કરવામાં આવે છે. અને તેની વય મર્યાદા ૨૩ વર્ષની નક્કી કરવામાં આવે છે. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની જાતિઓના બેરોજગાર ગ્રેજ્યુએટ, પી.ટી.સી. ટ્રેઇન્ડ અને એસ.એસ.સી. ઉમેદવારોની પ્રચારક તરીકે નીમણુંક કરતી વખતે ગ્રેજ્યુએટ/ પી.ટી.સી. ટ્રેઇન્ડ/ એસ.એસ.સી. ને

પ્રમાણે અગ્રતાક્રમ આપવાનું નક્કી કરવામાં આવે છે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

જ. મો. વોરા

સેક્શન અધિકારી,

મજૂર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ.

પ્રતિ,

સમાજ કલ્યાણ મંત્રીશ્રીના અંગત સચિવશ્રી(વધારાની બે નકલ સહિત)

સમાજ કલ્યાણ નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ( વધારાની પ
નકલો સહિત)

સચિવશ્રી, ગુજરાત પછાતવર્ગ બોર્ડ, ગુજરાત રાજ્ય સેક્ટર નં. ૧૬,
પાટનગર યોજના ભવન, ગાંધીનગર (વધારાની પાંચ નકલો સહિત)

Xવિભાગીય, નિયામકશ્રી, પછાત વર્ગ કલ્યાણ ૮, ભીલ અધિકારીઓની
કોલોની, આશ્રમ રોડ, અમદાવાદ.

બધા સમાજ કલ્યાણ અધિકારીશ્રી( રાજ્ય) (પંચાયત)

બધા કલેક્ટરશ્રીઓ,

રોજગાર અને તાલીમ નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ,

મહાલેખાધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ/ રાજકોટ,

પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ,

સ્થાનિક તપાસણી અધિકારીશ્રી, અમદાવાદ,

'મ' શાખા, મજૂર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ,

'જ' શાખા, મજૂર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ,

નાણાં શાખા, '' '' '' '' '' ''

'બ' શાખા, '' '' '' '' '' ''

'છ' શાખા, '' '' '' '' '' ''

માહિતી નિયામકશ્રી, ગાંધીનગર આ સાથે અખબારી યાદી બહાર પાડવા અર્થે.

વિશિષ્ટ ફાઈલ 'હ' શાખા,

X પત્ર દ્વારા.